City ભાસ્કર

It's All About Good Life :)

સુરત. રવિવાર. 23 ડિસેમ્બર, 2012

CONTACT US : 0261 3983732 | EMAIL : CITYBHASKARSURAT@GMAIL.COM | WWW.DIVYABHASKAR.COM/CITYBHASKAR | WWW.EPAPER.DIVYABHASKAR.COM/CITYBHASKAR




સુરત Post 03


# મને મારી ભાષા ગમે છે, કારણ હું બાને બા કહી શકું છું



વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજિત જ્ઞાનસત્રના પુસ્તકમેળામાં સ્ટુડન્ટ્સ સહિત મોટી સંખ્યામાં લોકો પુસ્તકોના ખજાનાની મુલાકાત લઈ રહ્યા છે. અહીં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષાનાં પુસ્તકો ઉપલબ્ધ છે. ■ જિતેન્દ્ર જડિયા

## આઈઓપનર

### નર્મદ



ગુજરાતના પહેલાં ગદ્યકાર,
ચરિત્રકાર
નવી શૈલીના કવિ
સમાજસુધારક

જન્મ : 24 ઓગસ્ટ, 1833
જન્મસ્થળ : સુરત
અવસાન : 25 ફેબ્રુઆરી, 1886
અભ્યાસ : સુરત અને મુંબઈ 1850 એલ્ફિસ્ટન ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈમાં અભ્યાસ અધૂરો મૂક્યો
વ્યવસાય : 1864- ડાંડિયો પાક્ષિક શરૂ કર્યું

### જીવનની એક ઝલક

**1883 -** પાંચ વર્ષની ઉંમરે ભૂલેશ્વરની ગામઠી શાળામાં શિક્ષણની શરૂઆત

**1843-44 -** સુરતમાં દુર્ગારામ મહેતાજીની શાળામાં અભ્યાસ

**1845 -** મુંબઈમાં અભ્યાસ

**1850 -** બુદ્ધિવર્ધક સભાની સ્થાપના કરી, જેમાં આપવામાં આવેલા વ્યાખ્યાન 'મંડળીઓમાં જવાથી થતા લાભ' પરથી પહેલો લેખ લખવાની પ્રેરણા મળી.

પ્રથમ કાવ્ય આત્મબોધ લખ્યું. કવિ દલપતરામ સાથેની સ્પર્ધામાં નવો ચીલો ચાતરવા નવા ઢબની કવિતાઓ લખવાનું શરૂ કર્યું

**1860 -** વૈષ્ણવ મહારાજ જદુનાથ સાથે વિવાદ થતાં જ્ઞાતિ બહિષ્કાર.

**1864 -** 'ડાંડિયો' પાક્ષિક શરૂ થયું.

**1865-75 -** માનસ પરિવર્તન અને સુધારાવાદી વલણ ત્યજી સંરક્ષક સુધારાના પ્રણેતા બન્યા

**1886 -** તીવ્ર આર્થિક સંકટના કારણે નોકરી ન કરવાની પ્રતિજ્ઞા તોડવી પડી

### કૃતિઓ

| | |
|---|---|
| નિબંધ | - નર્મગદ્ય |
| કવિતા | - નર્મકવિતા- 8 ભાગ |
| કોશ | - નર્મકથાકોશ |
| આત્મકથા | - મારી હકીકત |

**જ્ઞાનસત્રનું આ કવરેજ આપને કેવું લાગ્યું એ જણાવવા માટે આ નંબર પર એસએમએસ કરો.**
**9099048882, 8490074561**
**તમે ફેસબુકની આ લિંક પર પણ ફીડબેક આપી શકો છો.**
http://www.facebook.com/divyabhaskarspecial

## બેલેન્સમાં બચી સંવેદનાઓ : પુસ્તકોનું સરવૈયું કઢાયું

● **અરવિંદ ગોંડલિયા**. સુરત

'સાહિત્ય બદલાયું નથી, પહેલાં જેવું હતું એવું જ છે. જોકે, વર્ષ દરમિયાન પબ્લિશ થતાં પુસ્તકોની માહિતી હજી મળતી નથી, આ માહિતી સરળતાથી મળી રહે એ માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. રણજીતરામે આ કામ એકલા હાથે 1980માં કર્યું હતું.' પાંચમી બેઠકના અધ્યક્ષ દીપક મહેતાએ આ વાત કરી ત્યારે યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં બેઠેલા પ્રત્યેકના ચહેરા પર સ્મિત આવી ગયું હતું. પાંચમી અને છઠ્ઠી બેઠકમાં સાહિત્યના સરવૈયા કાઢવામાં આવ્યા હતા. બે વર્ષમાં ગુજરાતી સાહિત્ય ક્યાં પહોંચ્યું છે અને હવે શું કરવાની જરૂર છે એ વિશે ચર્ચાઓ કરાઈ હતી.

રુપા શેઠે અનુવાદિત પુસ્તકોનું સરવૈયું કાઢયું હતું. એમણે કહ્યું કે, '2010-11માં ઘણા અનુવાદ થયા છે. ટૂંકી વાર્તા અને નવલકથાના પણ અનુવાદો કરાયા છે.' જ્યારે પારુલ દેસાઈએ વિવેચનનું સરવૈયું કાઢતા કહ્યું કે, 'ગુજરાતી ભાષાની પરંપરાના સર્જન વિવેચનના પર્યાપ્ત કે લઘુત્તમ પરિચય વિના કોઈપણ પ્રકારની માંગ વિનાના બજારમાં ખડકાય રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં કવિતા વિષયક વિવેચન વધારે થયું છે. સંધ્યા ભટ્ટે ચરિત્ર સાહિત્ય પર કહ્યું કે, 'ચરિત્ર સાહિત્યમાં સત્યના પ્રયોગો શ્રેષ્ઠત્તમ છે. છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રમાં 40થી વધારે પુસ્તકો લખાયા છે. કવિતા વિશે સરવૈયુ કાઢતા અજયસિંહ ચૌહાણે કહ્યું કે, 'છેલ્લા બે વર્ષમાં 60થી વધારે કાવ્યસંગ્રહો લખાયા છે. જેમાં પ્રકૃતિ, ધર્મ, ચેતના અને સાંપ્રત સમસ્યાને સ્થાન મળ્યું છે.

2 Day જ્ઞાનસત્ર

### સારી ઓટોબાયોગ્રાફી લખવા માટે

» લખતી વખતે તમારી સામે જીવાઈ ગયેલું આખું જીવન હોય છે, જેમાં તમારે કશું પણ ઉમેરવાનું હોતું નથી.
» સત્યની આંગળી પકડી લેવાની હોય છે અને દંભની આંગળી છોડી દેવાની હોય છે.
» જીવનની ઘટનાઓનો ઉપયોગ કરી લેખનને રસપ્રદ બનાવવાનું હોય છે.

### સારા ટ્રાન્સલેટર બનવા માટે

» પુસ્તકોની પસંદગી કરતી વખતે ધ્યાન રાખવું જોઇએ.
» મૂળ લેખકનું નામ ક્યારેય નહિ ભૂલવું જોઇએ.
» મૂળ કૃતિનો ભાવ સાચવી રાખવો જોઇએ.

### સારા વિવેચક બનવા માટે

» વિવેચકોએ અંગ્રેજી અને સંસ્કૃત પર પ્રભુત્વ મેળવવું પડશે.
» વિવેચક સારો વાચક હોવો જરુરી છે.
» વિવેચક કોઇપણ પ્રકારના દ્વેષ ભાવથી પર હોવો જોઇએ.

**જ્ઞાનસત્રમાં કરાઈ અપીલ** હવે જ્યારે ફરી જ્ઞાનસત્ર યોજાઇ ત્યારે એમાં મોટી સંખ્યામાં યંગસ્ટર્સ હાજર રહે, જેથી ગુજરાતી ભાષા અને એનાં સાહિત્યની આવતીકાલ સિક્યોર કરી શકાય.









'મળેલા જીવ'નું વાચિકમ્ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. ત્યારે નીચેની તસવીરમાં સાહિત્યપ્રેમી યંગસ્ટર્સ સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો ઓટોગ્રાફ મેળવી રહ્યા છે.

## ડિજિટલ યુગ છે,..તમે થોડા થાવ વરણાગી

આજની જનરેશન ગુજરાતી કવિતાઓ ભલે ન વાંચતી હોય પણ ફેસબુકની વોલ પર એને લાઈક ચોક્કસ કરે છે. લવ લેટર્સમાં ગુજરાતી કવિતાની પંક્તિઓ લખાય છે. આજની જનરેશન ગુજરાતી કવિતાઓ કે ગુજરાતી સાહિત્યને સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર લાઈક કરે છે અને ઈન્ટરનેટ પરથી એને ડાઉનલોડ પણ કરે છે. જાણીને નવાઈ લાગશે કે ફેસબુક પર ગુજરાતી લેખકોના પ્રોફાઈલના સૌથી વધારે ફેન્સ ફોલોઅર્સ યંગસ્ટર્સ છે. સુરેશ દલાલે ગુજરાતી કવિતાને ગ્લેમરસ બનાવી, ગુજરાતી પુસ્તકોના રુપ રંગ બદલી નાંખ્યા. જ્ઞાનસત્ર, યુનિવર્સિટીના જે ઓડિટોરિયમમાં યોજાયું છે, એ ઓડિટોરિયમમાં દિગ્ગજ સાહિત્યકારોની સાથે વીસ ટકા યંગસ્ટર્સ પણ બેઠાં હોય છે. જો કે આ યંગસ્ટર્સના મનમાં એક સવાલ છે, સિટી ભાસ્કરે કેટલાક યંગસ્ટર્સ સાથે વાત કરી ત્યારે એમણે કહ્યું કે, ગુજરાતી સંગીત અને કવિતાઓ હજીપણ કફની પાયજામામાં કેદ છે. સુગમસંગીતનો કાર્યક્રમ હજીપણ લંબચોરસ હાઈટ પર બેઠાં બેઠાં થાય છે. લાગણીઓ-વાત ભલે એની એ જ રહે પણ રજૂઆત કેમ ન બદલાઈ શકે?

**ફેસબુક અને બ્લોગને અનુકૂળ રજૂઆત કરવી પડશે**

**અંકિતા દેસાઇ** | થર્ડ યર બી.કોમ

### પ્રોડકશન કેમ સુધરી ના શકે?

ગુજરાતી કવિતાઓ અને નવલકથા મને ગમે છે. ગુજરાતી કવિતા અને સાહિત્ય સાથે થોડું ગ્લેમર જોડાઇ ના શકે? કેટલાક ગુજરાતી પુસ્તકો એવા હોય છે, જે ટેબલ પર પડ્યા હોય તો હાથમાં પકડવાનું મન પણ ના થાય. પ્રોડકશન કેમ સુધરી ન શકે?

**વિવેક મહેતા** | સી.એ ફાઇનલ યર

### સાહિત્યનું ડિજિટલાઇઝેશન જરૂરી

હું ગુજરાતી કવિતાઓ તો નથી વાંચતો પણ નવલકથા ચોક્કસ વાંચું છું. હું જય વસાવડાનો ફેન છું. સરળ રીતે લખાયેલી કવિતા વાંચવાની મજા પડે છે. ગુજરાતી સાહિત્યનું ડિજિટલાઇઝેશન થાય તો મજા પડી જાય.

## વિવેચક કરતા કવિ તરીકે ઓળખાવાનું મને વધુ પસંદ

''યહી છોટી સી દુનિયા જો હમેં મીલી હૈ,
સુંદર ઔર અસહ્ય હૈ, સંભાલે નહિ સંભલતી''

હું વિવેચક કરતાં પહેલાં કવિ તરીકે ઓળખાવાનું વધુ પસંદ કરું છું. કવિ તેની વાતને સરળતાપૂર્વક અને સરસ ભાવ સાથે લોકો સમક્ષ મૂકી શકે છે. લોકો સુધી એ પહોંચી શકે છે. જોકે, વિવેચકની દુનિયા નિરાળી છે. વિવેચન કરવું એ ગૌરવશાળી બાબત છે. વિવેચનની દુનિયામાં પ્રવેશ કરતા યંગસ્ટર્સને મારે કહેવું છે કે, સારા વિવેચક બનવા માટે સારા સાહિત્યપ્રેમી બનવું પડે. સાહિત્ય માટે પ્રચુરમાત્રામાં અનુરાગ હોવો જોઈએ. આલોચકે કવિ કે લેખકના દિલમાં રહેલા તોફાનને બહાર લાવવાનું છે. સારો વિવેચક ઉતાવળીયા નિર્ણયો આપતો નથી અને માત્ર સાહિત્ય જાણવાથી વિવેચક ન બની જવાય. ફક્ત પુસ્તકીયાજ્ઞાનથી બચવું જોઈએ. સાહિત્યના ક્ષેત્રમાં યંગસ્ટર્સ ઘણુ બધુ કરી શકે છે. ભાષાને બચાવવા માટે સૌથી પહેલાં તો બાળકને માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ. મને ટેલિવિઝન જોવું ગમતું નથી.

**ફર્સ્ટ પર્સન**



(અશોક વાજપેયીની અરવિંદ ગોંડલિયા સાથે થયેલી વાતચીત મુજબ)

